પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૧૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૦૫-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દાહોદથી રાહુલ ગાંધીનો હુંકાર

# કોંગ્રેસની સરકાર બનશે, આદિવાસી જે ઇચ્છશે તે ગુજરાત સરકાર કરશે, બે-ત્રણ લોકો નહીં જનતાનો અવાજ સરકાર ચલાવશે

## એક હિન્દુસ્તાન, જેમાં કોઈ કાયદો નહીં, બીજું હિન્દુસ્તાન ગરીબોનું, જેમાં કોરોનામાં મરવા દવાખાને જવાનું : રાહુલ ગાંધી






**આદિવાસી સત્યાગ્રહના કાર્યક્રમમાં કોંગ્રેસના જૂના અને જાણીતા ચહેરા હાજર રહ્યા હતા. ખાસ કરીને હાલમાં ફેસબુક તેમજ દરેક ગ્રુપ માંથી નીકળી ગયેલ હાર્દિક પટેલની હાજરી શું સૂચવી જાય છે.**





ભાજપની સરકારમાં રાંધણ ગેસના બોટલોના ભાવ વધતાં ગૃહિણીઓમાં પણ આક્રોશ જોવા મળ્યો હતો અને રાહુલ ગાંધીના કાર્યક્રમમાં મહિલાઓ રાંધણ ગેસના બેનરો સાથે પહોંચી હતી.

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે એમ એમ રાષ્ટ્રીય નેતાઓના ગુજરાત પ્રવાસમાં પણ વધારો થઈ રહ્યો છે. આજે કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે હતાં. રાહુલ ગાંધી 'આદિવાસી સત્યાગ્રહ રેલી'ને સંબોધન કર્યું હતું રાહુલ ગાંધી જ્યારે સભામંડપ પર પહોંચ્યા ત્યારે સૌએ બે હાથ ઊંચા કરી તેમને આવકાર આપ્યો હતો, તેમજ સમગ્ર સભામંડપ જય આદિવાસી, જય જોહર અને લડેંગે-જીતેંગેના નારાથી ગુંજી ઊઠ્યો હતો, રાહુલ ગાંધીનું સ્વાગત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોર તેમજ વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવા, ગુજરાત ઈન્ચાર્જ રઘુ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. હર્ષદભાઈ નિનામા દ્વારા પરંપરાગત રીતે રાહુલ ગાંધીને ચાંદીનો કંદોરો પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાજપમાં જવાની અટકળો વચ્ચે પાટીદાર નેતા અને કોંગ્રેસના નેતા હાર્દિક પટેલ પણ દાહોદની રેલીમાં સ્ટેજ પર હાજર હતા.

રાહુલ ગાંધીએ આદિવાસી સત્યાગ્રહનો પ્રારંભ કરાવ્યો હતો. ઉપરાંત સત્યાગ્રહ પત્રનું વાચન જગદીશ ઠાકોરે કર્યુ હતું. સભામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, તાપી અને વેદાંતા પ્રોજેક્ટ સામે આંદોલન કરવાનો નિર્ધાર કરાયો હતો. આ સિવાય સત્યાગ્રહ માટેની કીટને રાહુલ ગાંધીએ ખુલ્લી મુકી હતી. આ સિવાય સત્યાગ્રહ એપને રાહુલ ગાંધીએ ખુલ્લી મુકી હતી

સભાને સંબોધતાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આ એક પબ્લિક મિટિંગ નથી, એક સત્યાગ્રહની શરૂઆત છે. ૨૦૧૪માં નરેન્દ્ર મોદી પીએમ બન્યા. જે કામ એમણે ગુજરાતમાં શરૂ કર્યુ તે આજે ભારતમાં કરી રહ્યા છે, જેને ગુજરાત મોડલ કહેવામાં આવે છે. આજે બે ભારત બની રહ્યાં છે, એક અમીરોનું જેમાં અમુક મોટા અમીર લોકો છે, જેમની પાસે સત્તા, ધન અને અહંકાર છે. બીજું ભારત ભારતની આમ જનતાનું હિંદુસ્તાન છે. પહેલા આ મોડલ ગુજરાતમાં ટેસ્ટ કરવામાં આવ્યું અને પછી તેને ભારતમાં લાગુ કરાયું. કોંગ્રેસને બે ભારત નથી જોઈતાં. અમને એવું ભારત જોઈએ કે જેમાં સૌને સમાન હક્ક હોય બધાને તમામ સુવિધા મળે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે યુપીએમાં અમે કોશિશ કરી જળ, જંગલ જમીન આપને મળે. મનરેગાનો કાયદો આપ્યો. કરોડો લોકોને મનરેગાનો ફાયદો થયો. પૂછ્યા વિના જમીન નહીં લેવાય. નરેન્દ્ર મોદીએ લોકસભામાં મનરેગાની મઝાક ઉડાવી. કહ્યું કે મનરેગા હું રદ નહીં કરું. નોટબંધી કરી જનતાને લાઈનમાં લગાવી, ફાયદો અમીરોને થયો. જીએસટી લાગુ કર્યો, એવો જીએસટી બનાવ્યો કે ગરીબોને નુકસાન થાય, અમીરોને ફાયદો થાય. એક હિન્દુસ્તાન જેમા કોઈ કાયદો નહી, બીજુ હિન્દુસ્તાન ગરીબોનું જેમાં કોરોનામાં મરવા દવાખાને જવાનું.

રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકાર બનશે, આદિવાસી જે ઈચ્છશે તે ગુજરાત સરકાર કરશે, બે-ત્રણ લોકો નહીં જનતાનો અવાજ સરકાર ચલાવશે. અમે ગુજરાતમાં છત્તીસગઢની જેમ ગુજરાતમાં ગરીબ બાળકો માટે અંગ્રેજી માધ્યમની સ્કૂલો શરૂ કરીશું, વાતો નહીં કરીએ ગેરન્ટી આપીશું. આ એક પબ્લિક મીટિંગ નથી, એક સત્યાગ્રહની શરૂઆત છે. ૨૦૧૪માં નરેન્દ્ર મોદી પીએમ બન્યા. જે કામ એમણે ગુજરાતમાં શરૂ કર્યુ તે આજે ભારતમાં કરી રહ્યા છે, જેને ગુજરાત મોડલ કહેવામાં આવે છે.


તેમણે વધુમાં જણાવ્યું છે કે, આદિવાસીઓને શિક્ષણ, રોજગાર, આરોગ્ય કશુંયે ન મળ્યું. અમે તમારા અવાજને આંદોલનના માધ્યમથી બહાર કાઢવા માંગીએ છીએ. કોંગ્રેસના આ અવાજને એટલો મજબૂત કરો કે પીએમને સંભળાય. આખા વિશ્વમાં ગુજરાત એવું રાજ્ય કે જ્યાં આંદોલન કરવા માટે પણ પરમિશનની જરૂર છે. હું જીગ્નેશ મેવાણીને ઓળખું છું, એને તમે ૧૦ વર્ષની પણ જેલ કરશો તો પણ કાંઈ ફરક નહિ પડે. અમે જનતા મોડેલ ફરીથી ગુજરાતમાં લાવવા માંગીએ છીએ, જ્યાં જનતાનો અવાજ સરકાર ચલાવે. આજે બે ત્રણ લોકો જનતાને ચલાવે છે, લોકો ચૂપ બેસી રે છે. તમને સત્યની ખબર છે, તમારે એ સત્ય માટે લડવું પડશે. આવનારી ચૂંટણીમાં કોંગ્રેસની સરકાર બનશે, જ્યાં આદિવાસીઓનો અવાજ હશે, આદિવાસી સ્ન્છ હશે અને આદિવાસી જે ઈચ્છશે એ સરકાર કરશે.

કોરોના પર કટાક્ષ કરતાં તેમણે જણાવ્યું હતું કે પીએમ કહે છે થાલી બજાવો, ૩ લાખ લોકો મર્યા પણ ટીવી પર એક જ ચહેરો દેખાય છે એ પણ નરેન્દ્ર મોદીનો. હાલની સરકારે સરકારી શાળાઓ બંધ કરી, ખાનગીકરણ કર્યુ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિકાસની દરેક ઈંટ પર આદિવાસીઓનો હાથ છે.

સભાને સંબોધતા કોંગ્રેસના પ્રભારી રઘુ શર્માએ જણાવ્યું હતું કે, આ રેલી નથી સત્યાગ્રહની શરૂઆત છે, કોંગ્રેસ ૧૨૫ વિધાનસભાની બેઠક જીતશે. આ પ્રસંગે જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી આદિવાસી વિસ્તારમાં આદિવાસી પ્રજાને હેરાન કરવાના કાવતરાઓ ભાજપ દ્વારા થઈ રહ્યા છે. કોંગ્રેસના આગેવાનો એ આદીવાસી હોય કે નોન આદિવાસી હોય એમણે બધાએ ગુજરાતના આદિવાસીઓની લડતને પોતાની લડત બનાવવાનું નક્કિ કર્યુ છે. જ્યારે અમે રાહુલ ગાંધી સાથે આ અંગે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે કહો ગુજરાત કે નૌજવાન આદિવાસીઓસે મેં ગુજરાત આઉંગા ઇનકી લડત કો સમર્થન કરુંગા અને એના ભાગરૂપે તેઓ અહિંયા આવ્યા છે.

તેમણે રાહુલ ગાંધીને સંબોધીને જણાવ્યું હતું કે આ આદિવાસી સમાજ તમને વચન આપે છે કી ૨૭ ટ્રાઈબલ સીટ તો અમે આપીશું જ, પરંતુ એની સાથે જ ૧૩ આદિવાસી પ્રભાવિત વિધાનસભા સીટ એમ ૪૦ ની ૪૦ સીટ કોંગ્રેસને આપીશું અને કોંગ્રેસની સરકાર બનાવીશું.

## ગુજરાત ફરી અગનભઠ્ઠીમાં ફેરવાયું સુરેન્દ્રનગરમાં તાપમાન ૪૪ ડીગ્રી



ગાંધીનગર,

ગુજરાત ફરી એકવાર અગન ભઠ્ઠીમાં ફેરવાય ગયું છે. સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાનનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચી જતા જનજીવન આકુળ વ્યાકુળ થઈ ગયું છે.

સૌરાષ્ટ્રના પાંચ સહિત રાજયના ૧૨ શહેરોમાં તાપમાન ૪૧.૪ ડીગ્રીથી લઈ ૪૪.૮ ડીગ્રી સુધી નોંધાયું છે. આજે પણ સૂર્યનારાયણ કાળકાળ રહેશે. દરમિયાન આવતા સપ્તાહથી પ્રિ-મોનસુન એકિટવીટી શરુ થતાં ગરમીમાં રાહત મળશે અને બફારાનો અહેસાસ થશે.

ગુજરાતમાં આ વર્ષ માર્ચ માસથી ગરમીની શરુઆત થઈ ગઈ છે છેલ્લા બે માસથી પણ વધુ સમયથી સમગ્ર રાજય આકરા તડકામાં રિતસર રોકાય રહ્યું છે. છેલ્લા એક માસથી તો હિટવેવનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. રેકોર્ડ બ્રેક તાપથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.

દરમિયાન રાજયના ૧૨ શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડીગ્રીથી વધુ નોંધાયું હતું. કંડલા એરપોર્ટ પર તો તાપમાનનો પારો ૪૫ ડીગ્રીને લગોલગ પહોંચી જવા પામ્યો હતો. દરમિયાન સુરેન્દ્રનગર ૪૪ ડીગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહેવા પામ્યું હતું. આજે સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર અને કચ્છમાં હિટવેવની આગાહી આપવામાં આવી છે અહીં પારો ૪૪ થી ૪૫ ડીગ્રીને પાર થઈ જાય તેવી સંભાવના પણ વ્યકત કરવામાં આવી છે.સોમવારે સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાત અગન ભઠ્ઠીમાં ફેરવાય ગયું હતું.

અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૩.૧ ડીગ્રી, ડિસાનું તાપમાન ૪૨.૨ ડીગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૨.૮ ડીગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૧.૬ ડીગ્રી, વડોદરાનું તાપમાન ૪૨.૮ ડીગ્રી, ભુજનું તાપમાન ૪૧.૪ ડીગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૪.૮ ડીગ્રી, સૌરાષ્ટ્રમાં અમરેલીનું તાપમાન ૪૨.૮ ડીગ્રી, ભાવનગરનું તાપમાન ૪૧.૮ ડીગ્રી, દ્વારકાનું તાપમાન ૩૨.૬ ડીગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૨ ડીગ્રી, પોરબંદરનું તાપમાન ૩૫ ડીગ્રી, રાજકોટનું તાપમાન ૪૨.૭ ડીગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૮ ડીગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૪ ડીગ્રી, મહુવાનું તાપમાન ૩૭.૮ ડીગ્રી, કેશોદનું તાપમાન ૩૮.૭ ડીગ્રી નોંધાયું હતું.

સૌરાષ્ટ્ર-કચ્છમાં હિટવેવનો પ્રકોપ યથાવત રહેશે સુરેન્દ્રનગર અને કચ્છ જીલ્લામાં તાપમાનનો પારો ૪૪ થી ૪૫ ડીગ્રી સુધી પહોંચી જશે આગામી ચારેક દિવસ હજી ગરમીથી મુકિત મળશે નહી. દરમિયાન ૧૫મી મે થી પ્રિ-મોનસુન એકિટવીટીનો આરંભ થશે. જેના કારણે ગરમીનું જોર ઘટશે પરંતુ બફારાનું પ્રમાણ વધશે એક મહિનો આવુ વાતાવરણ રહેશે.

## રાજયના પાટનગર ખાતે આશાવર્કર બહેનોએ પોતાની પડતર માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શન

ગાંધીનગર,

રાજયની વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીને હવે થોડાક જ મહિના બાકી રહ્યા છે. આ વચ્ચે શાસક, વિપક્ષ તમામ પક્ષો તડામાર તૈયારીઓમાં લાગી ગયા છે. ત્યારે બીજી તરફ રાજય સરકારની ચિંતા વધી છે, છેલ્લા ઘણા સમયથી વિવિધ માંગોને લઈને સરકારી કર્મચારીઓ સહિતના અમુક વર્ગો પ્રદર્શન કરી રહ્યા છે.

બીજી તરફ રાજયના પાટનગર ખાતે આશાવર્કર બહેનોએ પોતાની પડતર માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. જો કે આશાવર્કર બહેનો સત્યાગ્રહ છાવણી પહોંચે તે પહેલાં જ અક્ષરધામ મંદિર પાસે પોલીસે તેમને અટકાવ્યા હતા અનો હિરાસતમાં લેવામાં આવી હતી.આ દરમ્યાન આશાવર્કર બહેનોએ ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતા. છેલ્લા ઘણાં સમયથી પડતર માંગણીઓને લઈને આશાવર્કર બહેનો હવે મોટા પાયે આંદોલન શરૂ કરે તેવા એંધાણ છે.

## તમામ રાજ્યોમાં અટવાયેલી ચૂંટણીઓ ફટાફટ પુરી કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ



નવીદિલ્હી,

લોકલ ચૂંટણી સંબંધિત સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે તમામ રાજ્ય સરકારો અને સંઘશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યા છે કે, પેંડીંગ લોકલ ચૂંટણીને પુરી કરવામાં આવે. ઓબીસી અનામતને લઈને રાહ ન જોતા. કોર્ટના આદેશથી ખાસ કરીને મધ્ય પ્રદેશમાં સ્થાનિક ચૂંટણી કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. કોર્ટે એમપી ચૂંટણી પંચને નોટિફિકેશન જાહેર કરવાના પણ આદેશ આપી દીધા છે.

મધ્ય પ્રદેશમાં લોકલ ચૂંટણીમાં ઓબીસી અનામતનો મુદ્દે સતત વિવાદનો ભાગ રહ્યો છે, જેને લઈને અહીં એક વર્ષથી વધારે સમયથી લોકલ ચૂંટણી થઈ નથી. મંગળવારે આ મામલામાં સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સંવિધાનમાં દર ૫ વર્ષની અંદર ચૂંટણી કરાવાની વ્યવસ્થા છે. તેથી ચૂંટણીમાં મોડુ થવું જોઈએ નહીં.

આ સાથે જ કોર્ટે ઓબીસી અનામતને લઈને પણ ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે, જે પણ પોલિટિકલ પાર્ટી ઓબીસીના પક્ષમાં છે, તે તમામ સીટો પર ઓબીસી ઉમેદવારને ઉતારવા માટે સ્વતંત્ર છે.

સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશ ચૂંટણી પંચને ૨ અઠવાડીયાની અંદર મતદાનની યાદી જાહેર કરવાના આદેશ આપતા ઓબીસી અનામત વિના સ્થાનિક સ્વરાજની ચૂંટણીના આદેશ આપ્યા છે. એટલે કે, મધ્ય પ્રદેશમાં ઓબીસી અનામત વિના જ સ્થાનિક સ્વરાજની ચૂંટણી થશે. કોર્ટે કહ્યું કે, છેલ્લા બે વર્ષમાં ૨૩ હજારથી વધારે સ્થાનિક ચૂંટણીના પદ ખાલી પડ્યા છે. અનામત આપવા માટે ટ્રિપલ ટેસ્ટને પુરી કરવા માટે વધારે સમય આપી શકાય નહીં. તેથી ચૂંટણી પુરી કરાવામાં આવે.

## એક વર્ષમાં ખાદ્ય તેલથી લઈને બટાટા અને ચા સુધીના તમામના ભાવો આસમાને પહોંચ્યા

અમદાવાદ,

સતત વધી રહેલી મોંઘવારીની અસર સામાન્ય લોકોની થાળી પર પડી રહી છે. એક વર્ષમાં ખાદ્ય તેલથી લઈને બટાટા અને ચા સુધીના તમામના ભાવો આસમાને પહોંચ્યા છે.

ગ્રાહક બાબતોના મંત્રાલયે આપેલા આંકડા અનુસાર, આ વર્ષે ઘઉંની કિંમતોમાં અત્યાર સુધીમાં ૪૬ ટકાનો વધારો થયો છે. તેની એમએસપી ૨૦૧૫ રૂપિયા પ્રતિ ક્વિંટલ છે. બજારમાં તેની કિંમત એમએસપીથી ૨૦ટકા વધારે છે. આવી જ રીતે લોટના ભાવ એપ્રિલમાં ૩૨.૩૮ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પહોંચી ગયા હતા. જે જાન્યુઆરી ૨૦૧૦ બાદ સૌથી વધારે છે. ઘઉંમાં ઝડપથી એફએમસીજી કંપનીઓ આવનારા સમયમાં લોટથી બનતી પ્રોડક્ટ્સના ભાવમાં ૧૫ ટકાનો વધારો કરશે. મંત્રાલયનું કહેવુ છે કે, છેલ્લા એક વર્ષમાં સામાન્ય માણસની થાળીમાં દરેક વસ્તુઓ મોંઘી થઈ ગઈ છે.

જાણકારોનું કહેવુ છે કે, રશિયા યુક્રેન યુદ્ધના કારણે ઘઉંનું ઉત્પાદન ઓછુ થવાના કારણે લોટના ભાવમાં ઉછાળો આવ્યો છે. તેની અસર યુદ્ધના કારણે સપ્લાઈ ચેન તૂટવાથી વિદેશ બજારોમાં ભારતીય ઘઉંની માગ વધી છે. ડીઝલના ભાવમાં ઉછાળો થવાના કારણએ ઘઉં અને લોટના ભાવ આસમાને પહોંચી ચુક્યા છે. જો કે, સરકારનું કહેવુ છે કે, આ વર્ષે ઘઉંનું ઉત્પાદન વધારે રહેવાથી થોડી રાહત મળશે. સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૧૧ કરોડ ટન ઘઉંના ઉત્પાદનનો ટાર્ગેટ રાખ્યો છે. જે ૨૦૨૦-૨૧માં અનુમાનિત ૧૦.૯ કરોડ ટનની સરખામણીએ વધું છે.

આંકડામાં જણાવ્યા અનુસાર ઘઉંની કિમતોમાં શનિવારે વધીને ૩૨.૭૮ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગયા હતા. એક વર્ષ પહેલા તે ૩૦ રૂપિયા ૯.૧૫ ટકાથી વધારે છે. ૧૫૬ કેન્દ્રોર પર મળતા આંકડા અનુસાર શનિવારે પોર્ટ બ્લેયરમાં લોટની કિંમત સૌથી વધારે ૫૯ રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે પશ્ચિમ બંગાળમાં સૌથી ઓછા ૨૨ રૂપિયા પ્રતિ કિલોનો ભાવ હતા.

## ગેંગસ્ટર વિકાસ દુબેની કાનપુરથી લઇ લખનૌ સુધી ૬૭ કરોડની પ્રોપર્ટી જપ્ત, માતા અને પત્નીને પણ આંચકો

કાનપુર,

કાનપુરના ગેંગસ્ટર વિકાસ દુબે સહિત તેના સંબંધીઓની ૨૩ સંપત્તિઓને જપ્ત કરવામાં આવી છે.લગભગ ૬૭ કરોડની આ સંપત્તિઓ પર કાનપુર જીલ્લા પ્રશાસને આ કાર્યવાહી કરી છે આ પહેલા વિકાસ દુબેની ખજાનચી જય બાજપાઈને પણ ભૂમાફિયા જાહેર કરવામાં આવી ચુકયા છે.

એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા વિકાસ દુબે અને તેના નજીકના પર કાનુની શિકંજો કસ્યા બાદ પ્રશાસન હવે તેના આર્થિક સામ્રાજયને પણ ખતમ કરવામાં લાગી છે.ગેંગસ્ટરના બિકરૂ ગામથી લઈ ચોબેપુર કાનપુર ગ્રામ્ય અને લખનૌમાં દુબે સહિત તેના સંબંધીઓની ૩૧ અચલ અને ૧૦ ચલ સંપત્તિઓને પ્રશાસને જપ્ત કરી છે. જપ્ત કરવામાં આવેલ સંપત્તિની કીમત લગભગ ૯૭ કરોડ બતાવવામાં આવી રહી છે અચલ સંપત્તિઓમાં વિકાસ દુબે અને તેના મદદગાર સંબંધીઓના મકાન,દુકાન અને કોમ્પ્લેકસ વગેરે સામેલ છે.જપ્ત કરવામાં આવેલ સંપત્તિઓમાં વિકાસ દુબે તેમની માતા સરલા દુબે પત્ની રૂચા દુબે નાનાભાઈ દીપુ અને પુત્ર આકાશ અને શાનીના નામ પર નોંધાયેલી સંપત્તિઓને જપ્ત કરવામાં આવી છે.

કાનપુરના એસપી આઉટર અજીત સિન્હાના રિપોર્ટ પર ડીએમ કાનપુરે આ સંપત્તિઓને અચેટ કરી છે હવે આ સંપત્તિઓ પર તાલુકાદાર સ્તરનો અધિકારી રિસીવર તહેનાત થશે જયારે કાનપુર ગ્રામ્ય અને લખનૌની સંપત્તિઓ પર રિસીવર બેસાડવા માટે જીલ્લાને પત્ર મોકલવામાં આવશે.

એ યાદ રહે કે ગત અઠવાડીયે જ કાનપુર જીલ્લા પ્રશાસને વિકાસ દુબેના ખજાનચી જય વાજપાઇ અને તેના ભાઈ સહિત ત્રણ લોકોને ભૂમાફિયા જાહેર કર્યા હતાં.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લોક સેવા સહ. ગ્રા. ભંડાર

મુ.યોગેશ્વર સોસાયટી, ગોધરા, જી.પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લોક સેવા સહ. ગ્રા. ભંડાર

મુ.મોદીની વાડી નં.૧, ગોધરા, જી.પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હોકલા સુલેમાન મોહંમદ

મુ. છારીયા, તા.ગોધરા, જી.પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# માનગઢ ધામના વિકાસ માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પોતે રૂચી લઈ રહ્યા છે : કેન્દ્રીય મંત્રી અર્જુન મેઘવાલ




સંતરામપુર,

માનગઢધામ ખાતે મધ્યપ્રદેશ ઝાબુઆના શિવગંગા સમગ્ર વિકાસ પરિષદ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ભારત સરકારના સંસ્કૃતિ વિભાગના કેન્દ્રી મંત્રી અર્જુન મેઘવાલે હાજરી આપી હતી. તેમની સાથે ભારત સરકારના ટ્રાયફાઈડ વિભાગના ચેરમેન રામસિગભાઈ રાઠવા, ગુજરાતના શિક્ષણ મંત્રી કુંબેરભાઈ ડીડોર, સાસંદ કનકમલ કટારા, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ ક્રિશ્નાબેન કટારા ઘાટોલના ધારાસભ્ય સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. માનગાઢ ધામ ખાતે આવી પહોચેલ કેન્દ્રિય મંત્રી અર્જુન મેઘવાલે લોકોને સંબોધી જણાવ્યુ હતું. માનગઢધામના વિકાસ માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પોતે રૂચી લઈ રહ્યા છે. માનગઢધામને રાષ્ટ્રીય સહિત સ્મારક તરીકે જાહેર કરવામા આવશે, માનગઢ ધામનો બહોળો વિકાસ થાય માનગઢ ધામ ખાતે વીર સહાદતને વહોરેલ આદિવાસી સહિદો ભાઈઓ, ગુરૂગોવિદની કાર્યો તેમની વિકાસ ગાથા તેમના દ્વારા આપવામા આવેલ પ્રજા જોગ સંદેશો લોકો સુધી પહોચે તે માટે વિસ્તૃત માહિતી સભર પુસ્તકનું પણ વિમોચન કરાશે. પાઠયપુસ્તકોમાં પણ માનગઢધામનો ઈતિહાસ ભણાવવામા આવશે તેવુ જણાવી માનગઢધામનો ચારે તરફથી સર્વાંગી વિકાસ કરવામાં આવશે તેવું કહ્યું હતું. આ માટે ભારત સરકારના ગુજરાત સરકારના અધિકારીઓ સહિત આરકિયોલોજીસ્ટ વિભાગ સહિત અનેક ટીમો આ દિશામાં કામ કરી રહી છે. વિકાસ માટે સર્વ પ્રકિયા ચાલુ છે. ૧૭ નવેમ્બર આદિવાસી બલિદાન સતાબંદી સમારોહના દિવસે માનગઢધામને રાષ્ટ્રીય સહિત સ્મારક તરીકે જાહેર કરવાની ઘોષણા કેન્દ્રીય મંત્રી અર્જુન મેઘવાલે આ કાર્યક્રમમાં કરી છે. કેન્દ્રીય મંત્રીએ બે દિવસ સુધી માનગઢ ધામ ખાતે રહી રાત્રીરોકણ કરી માનગઢ ધામની ગુજરાત અને રાજસ્થાનના બન્ને વિસ્તારની ઝીણવટ પૂર્વક મુલાકાત લઈ કેન્દ્રીય ટીમો સાથે માનગઢધામના વિકાસ માટે બેઠક યોજી હતી.

# સંતરામપુર નરસિંગપુર પંચાયતની નંદનવન સોસાયટીના રહિશો પાણી માટે વલખાં : ૫૦૦ રૂા. ખર્ચી ટેન્કર લાવવા મજબુર



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

પાણી જોઈતું હોય તો રૂપિયા ૫૦૦ ખર્ચવા પડશે સંતરામપુર તાલુકાના નરસિંગપુર ગ્રામ પંચાયતના નંદનવન સોસાયટીમાં સંખ્યાબંધ મકાનોમાં પાણી માટે વલખાં મારવા પડે છે. સોસાયટી બનાવ્યા આશરે વીસ એક વર્ષ થઈ ગયા પરંતુ નરસિંગપુર ગ્રામ પંચાયત દ્વારા અને પાણી પુરવઠા વિભાગ દ્વારા આજ દિન સુધી નંદનવન સોસાયટીમાં પાણી માટેની સુવિધા પૂરી પાડવામાં આવેલી જ નથી. આ સોસાયટી વિસ્તારના રહીશોએ પાણીની સુવિધા માટે પોતપોતાના ઘરે બોર કરી દેવામાં આવેલો હતો, પરંતુ ઉનાળા દરમિયાનમાં સ્તર નીચે જવાના કારણે બોરની અંદર થી પાણી આવતું બંધ થઈ ગયું છે. નંદનવન સોસાયટીના મુકેશભાઈ ડામોર પોતાની બોરની અંદર પાણી બંધ થઈ જવાના કારણે દર ત્રણ દિવસે પ્રાઈવેટમાં રૂપિયા ૫૦૦ ખર્ચીને ટેન્કર મંગાવવું પડે છે. આ જ રીતના સોસાયટી વિસ્તારના રહીશો દર પાંચ દિવસે ત્રણ દિવસેના ટેન્કર મંગાવીને પાણી ભરતા હોય છે, પરંતુ આ સોસાયટીમાં અને રહીશો માટે પાણી પુરવઠા દ્વારા પાણીની સુવિધા પૂરી પાડવામાં આવેલ નથી. આ વિસ્તારના તમામ રહીશોને બોરમાં પાણી આવતું બંધ થઈ ગયું અને બોર સુક્કા ભઠ્ઠ થઈ ગયા છે. પ્રાથમિક સુવિધા પૂરી પાડવાની સંતરામપુર તાલુકાની નરસિંગપુર ગ્રામ પંચાયતની ફરજમાં આવે છે. ઉનાળાના ચાર મહિના સુધી આ રીતના પાણીના ટેન્કર રૂપિયા ૫૦૦ ખર્ચીને સ્થાનિક સોસાયટી વિસ્તારના રહીશો મજબૂર બન્યા સુવિધા તો ના મળી પરંતુ પાણી માટેની મુશ્કેલી વધી દર માસે ટેન્કર પાછળ આશરે રૂપિયા પાંચથી દસ હજારનો ખર્ચો કરીને પાણી લાવવું પડતું હોય છે. સ્થાનિક રહીશોની માગણી છે કે, ગુજરાત સરકાર દ્વારા ક્ષફહ તય ષફહ યોજના બહાર પાડી છે. હમને ભી લાભ મળે સોસાયટી વિસ્તારના રહીશોની માંગણી.

# સંતરામપુરમાં રખડતા ઢોરોનો ત્રાસ વધ્યો : ૩ વ્યકિતઓને ઈજાઓ પહોંચાડી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરના ગોધરા ભાગોળ વિસ્તારમાં રખડતા પશુઓ એ આંતક મચાવ્યો. ત્રણ જણને ઈજા પહોંચાડી પસાર થતા રાહદારીઓને જીવનું જોખમ વધ્યું. સંતરામપુર નગરમાં રખડતા પશુઓની સંખ્યાનું પ્રમાણ આશરે ૫૦૦ ઉપરનું જોવાઈ રહ્યું છે. અલગ અલગ વિસ્તારોમાં દરેક જગ્યાએ રખડતા પશુઓ અને મોટા આખલાઓ રસ્તાની વચ્ચોવચ ધમાલ કરી મૂકે છે. આના કારણે ઘર આંગણે મુકેલા વાહનોને પણ નુકશાન કરે છે. આજે સવારે ગોધરા ભાગોળ વિસ્તારના અને શિકારી ફળિયામાં આખલા હોય આંતક મચાવી નાખેલો હતો. નાના મોટા વાહનોને નુકશાન પહોંચાડ્યું હતું. જ્યારે શિકારી ફળિયાની અંદર સાયકલ સીંગડાની અંદર ફસાઈ ગયા હતા. એક કિલોમીટર દૂર આખલા ગામની અંદર લઈને ફર્યો આથી સંતરામપુર નગરમાં અલગ અલગ વિસ્તારોમાં રખડતા પશુઓ હેરાન પરેશાન કરી મુકેલા છે, પરંતુ નગરપાલિકાનું આજ દિન સુધી રખડતા પશુઓનું પકડવા માટે આપવામાં પુરવા માટે કોઈ આયોજન કરેલ નથી. મળતી માહિતી મુજબ રખડતા પશુઓ ઘાસચારો ન મળવાના કારણે તેમના માલિકો છોડી મૂકે છે.



મહીસાગર જિલ્લાના પ્રમુખ દશરથસિંહ તથા કડાણા તાલુકાના પાર્ટી પ્રમુખ અંબાલાલ પટેલ તથા બક્ષીપંચ મોરચાના મહીસાગર જિલ્લાના ઉપપ્રમુખ દિલીભાઈ તથા જીવન જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તથા ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. માળ ખાતે જીવન જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આશીર્વાદ દવાખાનાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. જેમાં ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દશરથ હાથે દવખાનાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું અને સાથે કડાણા તાલુકાના પાર્ટી પ્રમુખ એ હાજરી આપી હતી.



ખેલમહાકુંભ જિલ્લા સ્તરે ભોમાનંદ વિદ્યાલય નાની સરસણમાં આયોજવામાં આવેલ હતો. જેમાં ઉંચીકુદ અંડર-૧૭ (મહિલા) સ્પર્ધામાં શ્રી આશીર્વાદ હાઈસ્કૂલ ઉકરડીના ડામોર આરતીબેન મફતભાઈ પ્રથમ ક્રમ અને બારીઆ ઊર્મિલાબેન રાજુભાઈ દ્વિતીય ક્રમ મેળવીને સમગ્ર મહીસાગર જિલ્લામાં શાળાનું નામ રોશન કરેલ છે.

# ગુજરાત પોલીસ અમેરિકામાં ધરપકડ કરાયેલા ૬ ભારતીયોના પરિવારજનોની તપાસ કરશે

ગાંધીનગર,

ગુજરાત પોલીસે રાજ્યના રહેવાસી માનવામાં આવતા છ ભારતીય યુવાનોના પરિવારોને શોધી કાઢવા માટે તપાસ શરૂ કરી છે જેમને યુએસ બોર્ડર અધિકારીઓ દ્વારા ગયા અઠવાડિયે કેનેડાથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરવાના નિષ્ફળ પ્રયાસ દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી. એક અધિકારીએ સોમવારે આ જાણકારી આપી.

આ છ ભારતીય નાગરિકો (૧૯ થી ૨૧ વર્ષની વયના) કેનેડાની સરહદ નજીક યુએસના ક્વેસેનેમાં સેન્ટ રેગિસ નદીમાં એક બોટ ઉંધી પડતા ધરપકડ કરવામાં આવી હતી. મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક અચલ ત્યાગીએ જણાવ્યું હતું કે, “અમને જાણવા મળ્યું છે કે તેઓ છ ભારતીય મહેસાણા જિલ્લાના નાગરિકો છે પરંતુ અમારી પાસે તેમના વિશે વધુ માહિતી નથી.

તેમના પરિવારજનોએ પણ હજુ સુધી અમારો સંપર્ક કર્યો નથી. અમે અમારી તપાસ શરૂ કરી છે અને પરિવારજનોને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન ડિપાર્ટમેન્ટે અગાઉ કહ્યું હતુ કે ગુરુવારે સવારે માનવ તસ્કરીનો પ્રયાસ નિષ્ફળ કરવામાં આવ્યો હતો અને આ સંબંધમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે કેનેડાથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા છ ભારતીયોની કેનેડા-યુએસ બોર્ડર પર ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ લોકો બોટમાં બેસીને અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમની સાથે અન્ય એકની ધરપકડ કરવામાં આવી હતી. જે અમેરિકાનો નાગરિક હતો. અને તેની સામે માનવ તસ્કરીનો કેસ નોંધાયેલો હતો.

કેનેડાથી અમેરિકામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી રહેલા છ ભારતીયોને યુએસ બોર્ડર પર તૈનાત અધિકારીઓએ પકડી પાડ્યા હતા. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શને ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મસેના બોર્ડર પરથી કુલ સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે યુએસ બોર્ડર પર પેટ્રોલિંગ એજન્ટોની મદદથી, સેન્ટ રેગિસ મોહૌક ટ્રાઈબલ પોલીસ ડિપાર્ટમેન્ટ, અસ્કેન મોહૌક પોલીસ સર્વિસ અને હોગન્સબર્ગ-એક્વેસ્ને સ્વયંસેવક ફાયર વિભાગે તેમની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલ તમામ છ ભારતીયો ૧૯ થી ૨૧ વર્ષની વય જૂથના હતા. તમામ પર અમેરિકી કાયદાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

સેન્ટ રેજીસ મોહૌક પોલીસે થોડીવાર પછી જોયું અને એક બોટ પાણીમાં ડૂબતી જોઈ. આ પછી પોલીસે ડૂબતી બોટને પાણીમાંથી બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે ડૂબતી બોટમાં એક પણ લાઈફ જેકેટ કે સુરક્ષા સાધનો હાજર નહોતા. બર્ફીલા પાણીને કારણે બોટ પર તૈનાત લોકોની હાલત ખૂબ જ ખરાબ હતી. પાણીમાંથી બહાર કાઢ્યા બાદ સાતેય લોકોને સારવાર આપવામાં આવી અને પછી બોર્ડર પેટ્રોલ સ્ટેશન લઈ જવામાં આવ્યા.

જણાવી દઈએ કે આ વર્ષે જાન્યુઆરીમાં કેનેડા-યુએસ બોર્ડરથી લગભગ ૧૨ મીટર દૂર ઈમર્સન મેનિટોબા પાસે ચાર ભારતીયોના મૃતદેહ મળી આવ્યા હતા. ચારેય એક જ પરિવારના હતા. જેમાં ૩૯ વર્ષીય જગદીશ બલદેવભાઈ પટેલ, ૩૭ વર્ષીય વૈશાલીબેન પટેલ, ૧૧ વર્ષીય વિહાંગી પટેલ અને ત્રણ વર્ષીય ધાર્મિક પટેલનો સમાવેશ થાય છે. પરિવાર પગપાળા કેનેડાથી અમેરિકા જવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

# સમગ્ર મહેસૂલી વહીવટમાં નવી જુની શરતના ઉભા થતા પ્રશ્નોનું જિલ્લા કક્ષાએ જ નિવારણ થશે

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહેસૂલી પ્રક્રિયાના સરળીકરણનો મહત્વપૂર્ણ જનહિત નિર્ણય લેવાયો છે. જુના પુરાણા વર્ષો જુના નાબુદ થયેલા ૨૪ જેટલા વિવિધ મહેસૂલી કાયદાઓ અન્વયે સત્તાપ્રકારના જુની-નવી શરતોના ઉદ્દભવતા પ્રશ્નોનું નિવારણ રાજ્ય સરકારે મેળવ્યુ છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારનો ગુડ ગવર્નન્સનો આગવો અભિગમ અપનાવ્યો છે. જેથી સમગ્ર મહેસૂલી વહીવટમાં એકસૂત્રતા અને પારદર્શિતા આવશે. નવા નિર્ણય મુજબ, નવી જુની શરતના ઉભા થતા પ્રશ્નોનું જિલ્લા કક્ષાએ જ નિવારણ થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં મહેસૂલી પ્રક્રિયાના સરળીકરણ તથા વહીવટમાં પારદર્શીતાના મહત્વપૂર્ણ જનહિતકારી નિર્ણયો કર્યા છે. મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ વિશે માહિતી આપતા જણાવ્યું કે, મહેસૂલી વહીવટમાં સરળીકરણની ભલામણો માટે રચાયેલી સી.એલ. મીના સમિતિના અહેવાલનો મહદ્દઅંશે સ્વીકાર કરતા મુખ્યમંત્રીએ આ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહેસૂલ વિભાગના જુના પુરાણા વર્ષો જુના અને નાબુદ થયેલા ૨૪ જેટલા વિવિધ ઈનામ નાબૂદી કાયદાઓના સંદર્ભમાં નવી/જુની શરતની અસમંજસતાથી ઉદભવતા લોકોના પ્રશ્નોનું સરળ અને પારદર્શી નિરાકરણનો અભિગમ અપનાવ્યો છે. અગાઉ આ સંદર્ભમાં કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા ન હોવાને કારણે આવા ઉભા થતા પ્રશ્નોના નિવારણ માટે અરજદારોને રાજ્ય કક્ષા સુધી આવવું પડતું હતુ. પરિણામે મહેસૂલ વિભાગની કામગીરીનું ભારણ વધતુ અને જુદા જુદા અર્થઘટનોને કારણે આવા પ્રશ્નોના નિવારણમાં ખુબ વિલંબ થતો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ વિષય આવતા તેમણે મક્કમતાપૂર્ણ ત્વરીત નિર્ણાયકતાથી આ સમગ્ર બાબતનું સુચારૂ નિરાકરણ લાવવા મહેસૂલ મંત્રી અને મહેસૂલ વિભાગને દિશાનિર્દેશ આપ્યા હતાં. આના પરિણામ સ્વરૂપે મહેસૂલ વિભાગે આવા નાબૂદ થયેલા ૨૪ જેટલા કાયદાઓની બાબતમાં અગાઉ નવી અને જુની શરતની જમીનો બાબતે પ્રવર્તતી અસમંજસતા-દ્વિધા દુર કરવા વિસ્તૃત કાર્ય આયોજન કર્યુ છે અને આ અંગેની વિગતવાર સુચનાઓ મહેસૂલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવશે.

# આપની આજ.......

મેષ : આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે. પ્રિય મહેમાનોને રાત્રે આવકારવા માટેનો યોગ બની રહ્યો છે.

વૃષભ : આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

મિથુન : આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતી રકમ હોવાનો આનંદ મળશે. વિરોધીઓ પરાજિત થશે.

કર્ક : ગણેશજી કહે છે, તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.સાંજે અને રાત્રિ દરમિયાન પ્રિયજનો સાથે મુલાકાત પણ થઈ શકે છે.

સિંહ : આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે. બપોર પછી, કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

કન્યા : કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે, તેથી તમારી વસ્તુઓનું ધ્યાન રાખો. સાંજે કોઈ જૂની યોજના પર કામ કરીને સફળતા મેળવી શકો છો.

તુલા : તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો. આજે મિત્રો અને સહકર્મીઓની સલાહ પર રોકાણ સંબંધિત કોઈ પણ કામમાં તમારી રુચિ વધશે.

વૃશ્ચિક : તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે. એકંદરે બાકીની દરેક બાબતમાં સુસંગતતા છે, પરંતુ તમારે તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે.

ધનુ : આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે. સંબંધીઓ સાથે વ્યવહાર કરતી વખતે સાવચેત રહેવાની જરૂર છે.

મકર : તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો. પતિ-પત્ની વચ્ચે કોઈ વાતને લઈને વિવાદ થઈ શકે છે.

કુંભ : આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે. જે લોકો આજે સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે તેમને પણ સફળતા મેળવવાની પ્રબળ તક છે.

મીન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે. સાંજથી મોડી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળી શકે છે.

# શ્રીલંકામાં લોકશાહી, સ્થિરતા અને આર્થિક પુન:પ્રાપ્તિને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ : ભારત



નવીદિલ્હી,

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિન્દર બાગચીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે પડોશી દેશોને પ્રાધાન્ય આપવાની તેની નીતિને ધ્યાનમાં રાખીને વર્તમાન સંકટનો સામનો કરવા માટે ભારતે અત્યાર સુધીમાં ૨૦૨૨માં શ્રીલંકાને ૩.૫ બિલિયનની સહાય આપી છે ખોરાક, દવા જેવી આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવી છે. શ્રીલંકાના હિત માટે ભવિષ્યમાં પણ પ્રયાસો ચાલુ રહેશે. ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકામાં છેલ્લા કેટલાક સપ્તાહોથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શને હિંસક વળાંક લીધો છે. શ્રીલંકામાં વર્તમાન સંકટ પર ભારતે પ્રતિક્રિયા આપી છે.

ભારતની પહેલા પડોશી નીતિનો ઉલ્લેખ કરતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિન્દર બાગચીએ કહ્યું કે શ્રીલંકા સાથે ભારતના ઐતિહાસિક સંબંધો છે પડોશીઓ તરીકે, અમે શ્રીલંકામાં લોકશાહી, સ્થિરતા અને આર્થિક પુન:પ્રાપ્તિને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ અને ચાલુ રાખીએ છીએ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિન્દર બાગચીએ કહ્યું કે પડોશી દેશોને પ્રાધાન્ય આપવાની તેની નીતિને ધ્યાનમાં રાખીને, ભારતે અત્યાર સુધીમાં વર્તમાન સંકટનો સામનો કરવા માટે વર્ષ ૨૦૨૨માં શ્રીલંકાને ૩.૫ અબજ ડોલરની સહાય આપી છે. આવશ્યક વસ્તુઓની અછતને દૂર કરવા માટે ભારત તરફથી ઘણી મદદ આપવામાં આવી છે.ખોરાક, દવા જેવી આવશ્યક ચીજવસ્તુઓ ભારતમાંથી સપ્લાય કરવામાં આવી છે. શ્રીલંકાના હિત માટે ભવિષ્યમાં પણ પ્રયાસો ચાલુ રહેશે. તેમણે કહ્યું કે ભારત શ્રીલંકાના લોકોના શ્રેષ્ઠ હિતમાં લોકતાંત્રિક રીતે હાથ ધરવામાં આવેલી પ્રક્રિયાઓ પર કામ કરવાનું ચાલુ રાખશે.

ભારત સરકારની આ પ્રતિક્રિયા એવા સમયે આવી છે જ્યારે સોમવારે વડાપ્રધાન મહિન્દા રાજપક્ષેના રાજીનામા બાદ શ્રીલંકામાં સરકાર વિરોધી અને સમર્થકો વચ્ચે ઉગ્ર હિંસા થઈ હતી. ૧૨ સાંસદોના ઘરોને આગ ચાંપી દેવામાં આવી હતી. આ હિંસામાં ઓછામાં ઓછા ૮ લોકોના મોતના અહેવાલ છે અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. સમગ્ર દેશમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. રાજધાની કોલંબોમાં પરિસ્થિતિને સંભાળવા માટે સેનાને તૈનાત કરવામાં આવી છે.

મહિન્દા રાજપક્ષેએ તેમના રાજીનામામાં કહ્યું હતું કે તેઓ સર્વપક્ષીય વચગાળાની સરકારની રચનાનો માર્ગ સાફ કરવા માટે વડા પ્રધાન પદ છોડી રહ્યાં છે. મહિન્દા રાજપક્ષેના રાજીનામા સાથે કેબિનેટ આપોઆપ વિસર્જન થઈ ગયું છે. દેશમાં એક પ્રકારનું રાષ્ટ્રપતિ શાસન છે. મહિન્દા રાજપક્ષેના નાના ભાઈ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેના હાથમાં દેશની કમાન આવી ગઈ છે.

શ્રીલંકા ૧૯૪૮માં બ્રિટનથી આઝાદ થયા પછી અત્યાર સુધીના સૌથી ગંભીર આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. કટોકટી મુખ્યત્વે વિદેશી હૂંડિયામણની અછતને કારણે ઊભી થઈ હતી, જેનો અર્થ છે કે દેશ મુખ્ય ખોરાક અને ઈંધણની આયાત માટે ચૂકવણી કરવામાં અસમર્થ છે. ૯ એપ્રિલથી સમગ્ર શ્રીલંકામાં હજારો વિરોધીઓ રસ્તાઓ પર ઉતરી આવ્યા છે, કારણ કે સરકાર પાસે આયાત માટે નાણાં પૂરા થઈ ગયા છે. જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકામાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા મુકવામાં આવેલ

# નવીન બોરમાં મહિનાઓ વિતવા છતાં મોટરો ફીટ કરવા માટે મુહૂર્તની રાહ જોવાય છે...?

- ફતેપુરા તાલુકામાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા ગ્રામ પંચાયતો દ્વારા લાખો રૂપિયાના ખર્ચે કાઢવામાં આવ્યા છે.
- તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતો દ્વારા ૧૫ માં નાણાપંચની ગ્રાન્ટ થી બે માસ અગાઉ કાઢવામાં આવેલ બોરમાં હજી સુધી મોટરો મૂકવામાં આવી નથી.
- તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાને દૂર કરવા તાત્કાલિક ગ્રામ પંચાયતો દ્વારા કાઢવામાં આવેલ બોરમાં મોટર ફીટ કરવી જરૂરી છે.

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં ગ્રામ પંચાયતના સરપંચનો કાર્યકાળ પૂરો થવાના છેલ્લા સમયે કેટલીક ગ્રામ પંચાયતોમાં ૧૫ મા નાણાપંચની ગ્રાન્ટ દ્વારા યુદ્ધના ધોરણે બોરની કામગીરી શરૂ કરવામાં આવી હતી.અને અનેક ગ્રામ પંચાયતોમાં ૨૫ કે તેનાથી પણ વધુ બોર કાઢવામાં આવેલ છે.પરંતુ ગ્રામ પંચાયતોની ચૂંટણી લંબાવવાના સરકાર દ્વારા સંકેત અપાતા કેટલીક ગ્રામ પંચાયતોએ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવેલ કામગીરીને સ્થગિત કરી દેતા પાણીની સમસ્યા હલ કરવા માટે સરકાર દ્વારા બોરની કામગીરી પાછળ કરવામાં આવેલ ખર્ચ હાલ કટોકટીના સમયે નિરર્થક પુરવાર થઇ રહ્યો છે.જે બાબતે તાલુકા–જિલ્લાના વહીવટી તંત્રો તાત્કાલિક ધ્યાન આપે અને કરવામાં આવેલ બોરની કામગીરીમાં બાકી રાખવામાં આવેલ મોટર ફીટ કરવાની કામગીરી જવાબદારોને તાકીદે કરાવે તે આવશ્યક છે.

ફતેપુરા તાલુકામાં જૂની તથા વિભાજન કરવામાં આવેલ કુલ ૮૫ જેટલી ગ્રામ પંચાયતો આવેલી છે. જેમાં ૩૩ જેટલી ગ્રામપંચાયતોની ગત ડિસેમ્બર–૨૦૨૧માં ચૂંટણી યોજાઈ હતી.જ્યારે બાકી રહેલી જૂની સહિત તેમાંથી વિભાજન થયેલ કુલ પર જેટલી ગ્રામપંચાયતોની ચૂંટણી એપ્રિલ માસમાં યોજાનાર હતી અને જે ગ્રામ પંચાયતોનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો હતો તેવી ગ્રામ પંચાયતોમાં પ્રજાના મન જીતવા ગ્રામ વિકાસના કામો સહિત બોરની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી.પરંતુ ગ્રામ પંચાયતોની ચૂંટણી લંબાવવા સરકારે નિર્ણય લેતા કરવામાં આવેલ કામગીરી મહિનાઓથી પૂર્ણ થવા રાહ જોતી હોવા છતાં થઈ નહી રહી હોવાનું નજરે જોતા જણાઈ રહ્યું છે. જેમાં ખાસ કરીને હાલમાં તાલુકાના કેટલા ગામડા ઓમાં પીવાના પાણીની સમસ્યા પણ દિવસે–દિવસે વધતી જઈ રહી છે. ત્યારે મુકવામાં આવેલ બોરમાં બે મહિના જેટલો સમય વીતવા છતાં તેમાં મોટરો ફિટ કરવામાં આવી નથી અને લોકો પીવાના પાણી માટે અહીં–તહીં માટલા સાથે ભટકતા હોવાનું પણ જોવા મળે છે. ત્યારે તાલુકા–જિલ્લાના વહીવટી તંત્રોએ તાત્કાલિક ધ્યાન આપી ફતેપુરા તાલુકામાં મુકવામાં આવેલ બાકી બોરની કામગીરી અધૂરી હોય ત્યાં યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરાવી બોરમાં મોટર ફીટ કરાવવી પીવાના પાણીની પડતી સમસ્યા હલ કરવી આવશ્યક જણાય છે.

અત્રે એ બાબત પણ ઉલ્લેખનીય છે કે,પર જેટલી ગ્રામ પંચાયતોના સરપંચોનો કાર્યકાળ પૂરો થતાં તેનો ચાર્જ વહીવટદારોને સોંપવાની તૈયારી ચાલી રહી છે.પરંતુ કેટલાક સરપંચો દ્વારા કરવામાં આવેલ અધુરી કામગીરી પૂર્ણ ક્યારે થશે તેવો ગણગણાટ પ્રજામા થઈ રહ્યો છે. તેમજ ચૂંટણીમાં ઝંપલાવવા અને આવનાર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં લોકોના મન જીતવા યુદ્ધના ધોરણે કરવામાં આવેલ કામગીરી ચૂંટણી લંબાતાં પ્રજાનો એવો તો શું વાંક છે કે, કરવામાં આવેલ બોરની કામગીરીમાં મહિનાઓ સુધી મોટર ફિટ કરવામાં આવતી નથી?તાલુકાનો વહીવટ સરકારના નિયમો અને સ્થાનિક જવાબદાર અધિકારીઓની દેખરેખ હેઠળ ચલાવાય છે કે પછી પોતાના મતલબ ખાતર સરકારથી પ્રજાને વિમુખ કરનાર તત્વો દ્વારા..? તે એક વિચાર માંગી લેતો પ્રશ્ન છે.

## સંજેલી તાલુકામાં લવારા ગામે તળાવમાં કડાણા ડેમ દ્વારા તળાવ ભરાય તેવી માંગ

સંજેલી,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં આવેલા લવારા ગામનુ તળાવ ખાલીખમ જોવા મળી રહ્યુ છે. બે વર્ષથી કડાણા ડેમનુ પાણી આપવા માટે પાઈપલાઈન પણ નાંખવામાં આવેલી હોવા છતાં પણ તળાવ ભરવામાં નહિ આવતા લોકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

ઉનાળાના આવા કપરા સમયે અણીકા, ડુંગરા, સરોરી, તેમજ આજુબાજુના ગામડાના કુવાઓ તેમજ ખેતરોમાં કરેલા સિંચાઈ માટેના બોરીંગમાં પણ પાણીના સ્તર એકદમ ઉંડાણમાં જઈ રહ્યા હોઈ આજે ખેતરોમાં પાતાળ કુવાઓ પણ ખાલીખમ જોવા મળી રહ્યા છે. કેટલાક લોકો આવા ભર ઉનાળામાં ખાનગી ટેન્કરો દ્વારા દરરોજ મોં માંગ્યા પૈસા ખર્ચીને પાણી પણ વેચાતુ લઈ રહ્યા છે. સરકાર તરફથી ગ્રામ્ય વિસ્તારમાં આવેલા આવા તળાવોને સમયસર ભરવામાં આવે તો આસપાસના બોર તેમજ કુવાઓમાં પાણીની સપાટી વધે તો અનેક ખેડુતોને લાભ થયા છે. આ વિસ્તારમાં પીવાના પાણી તેમજ સિંચાઈની સુવિધા ન હોવાના કારણે ઉનાળાના કપરા સમયે ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ બાબતે ગ્રામજનો દ્વારા સરકારી તંત્રને લેખિત રજુઆત પણ કરવામાં આવી છે. તળાવમાં પાણી ભરવામાં આવતુ નથી. તે બાબતે ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં કેટલાય દિવસથી ગરમીના પ્રકોપથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે પાણીની સમસ્યા સર્જાતા ગ્રામિણ વિસ્તારના લોકોને હાલાકી પડી રહી છે.

## દે.બારીયા તાલુકાને કાયમી પુરવઠા મામલતદાર ન મૂકતા સસ્તા અનાજના સંચાલકો બેફામ અને બે લગામ થયા

દે.બારીયા,

દે.બારીયા તાલુકામાં લગભગ ૮૦ થી વધુ દિનદયાલ પંડિત સસ્તા અનાજની કુલ દુકાનો ધરાવતો મોડેલ રૂપી તાલુકો હોવા છતાં છેલ્લા છ માસ વધુ સમય વિતવા આવ્યો તેમ છતાં કાયમી પોસ્ટનો પુરવઠા નાયબ મામલતદાર મળી શકયો નથી. જેના કારણે દે.બારીયા શહેર તથા ગ્રામ્યની સસ્તા અનાજની દુકાનોના સંચાલકો બિન્દાસ બની ગયા છે. પોતાની મરજી થાય ત્યારે દુકાન ખોલે છે અને મન ફાવે ત્યારે બંધ કરી જતા રહે છે. સરકારના પુરવઠા વિભાગના માપદંડ મજુબ સસ્તા અનાજની દુકાનો સમય મુજબ ચલાવવામાં આવતી નથી. આ પાછળ હપ્તા જે પહોંચે છે. તે જવાબદાર છે તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ અનાજનો જથ્થો દુકાન ઉપર આવી ગયા બાદ પણ જથ્થો વિતરણ કેમ કરવામાં આવતો નથી. તે યક્ષ પ્રશ્ન છે. વિના મુલ્ય તેમજ મુલ્ય વાળો જથ્થો લાભાર્થીઓને આવા કઠા સમયમાં જે કોરોના કાળ જોઇને ગુજરાતની સંવેદનશીલ સરકારે ગરીબ કુટુંબોને આપવાનો મહત્વનો જે નિર્ણય લીધો છે. તે તો પરીપૂર્ણ થતો હોય તેમ દેખવા મળતો નથી.

ખાંડ લેટ આવતા કોઈને મળે છે. કોઇ ને મળતી નથી અને કઠોળમાં ચણા અથવા તુવેર દાળ કયા સગેવગે થઇ જાય છે. તેની ગંધ પણ કોઇને મળતી નથી. તેમજ મૂલ્યવાળા જથ્થાનું બીલ અથવા પાવતી કોઈને પણ આપવામાં આવતી નથી. લગભગ તમામ દુકાનો ઉપર એક જ સરખો નિયમ બનાવી દીધો છે. આનો શ્રેય જીલ્લાના પુરવઠા અને તાલુકા પુરવઠા શાખા જવાબદારી સ્વીકારવી જોઈએ અથવા હપ્તા લેવા બંધ કરવા પડશે તેવું ગરીબ કુટુંબોનું કોળીયું કેમ છીનવી રહ્યા છો. દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં ૧૧ તારીખ વિતવા આવી અનાજનો જથ્થાનું વિતરણ કરવામાં કેમ આવતું નથી. તે ગંભીર સવાલ ઉપસ્થિત થવા પામ્યો છે. પહેલા તો આગલા મહિનાનો એડવાન્સ અનાજ જથ્થો દુકાનો ઉપર સપ્લાય થઈ જતો હતો. હાલમાં છેલ્લા છ માસથી કાયમી નાયબ મામલતદારની જગ્યા ભરવામાં ના આવતાં લાભર્થીઓને અડધો માસ વિતી જવા બાદ છેલ્લી તારીખોમાં જથ્થો વિતરણ કરાય છે.

જેથી જીલ્લા પુરવઠા અધિકારી આ બાબતે સંગ્યાન લઈ પહેલાના મુજબ પહેલી તારીખે જથ્થો ગરીબ લાભાર્થીઓને મળી શકતો હોય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે ગરીબોની માંગ ઉઠવા પામી રહી છે શું ? પહેલાના મુજબ અનાજનો જથ્થો પહેલી તારીખોમાં મળી શકશે ખરો તે આવનારો સમય બતાવશે.

## ઝાલોદ બોગસ ચુંટણીકાર્ડ કૌભાંડમાં ત્રણ આરોપીઓના ત્રણ દિવસમાં રિમાન્ડ મંજુર

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં જાવેદ ડીઝીટલ સોલ્યુશન નામક દુકાનમાં નકલી ચુંટણીકાર્ડ બનાવવાનો ભાંડાફોળ થતાં સંડોવાયેલા ત્રણ યુવકોને પોલીસે કોર્ટમાં રજુ કરીને તેમના ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

ઝાલોદ નગરના ગામડી ચોકડી ઉપર જાવેદ ડીજીટલ સોલ્યુશન નામક દુકાનમાં વિવિધ પ્રકારની ઓનલાઈન કામગીરીની આડમાં બનાવટી ચુંટણીકાર્ડ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ થતાં ઝાલોદ નગરના જ મસ્જિદ બજાર ખાતે રહેતા વકાસ ઈરફાન ગાંડા, સાહીલ મજીદ ગાંડા અને જાવેદ ઈસ્માઈલ ગાંડા નામક યુવક સાથે એક અજાણ્યા યુવકની સંડોવણી સામે આવી હતી. પોલીસે આ ત્રણેય યુવકોને કોર્ટમાં રજુ કર્યા હતા. કૌભાંડમાં કોણ કોણ સંડોવાયેલ છે કેટલા બનાવટી કાર્ડ બનાવ્યા છે તે સહિતના મુદ્દાઓ ટાંકીને રિમાન્ડની માંગણી કરતા ત્રણેય યુવકોને ત્રણ દિવસના રિમાન્ડની મંજુરી આપી હતી. એક વ્યકિતને બનાવટી નકલી કાર્ડ આપતા તે કામ લાગતુ ન હોવાથી તે મામલતદાર કચેરીમાં નવુ કાર્ડ કઢાવવા માટે જતા જાણ થઈ હતી. સ્ટિંગ ઓપરેશન કરાવ્યા બાદ મામલતદાર ડો.જેનીસ પાંડવ અને પ્રાંત અધિકારી આર.આર.ગોહિલની ટીમે છાપો મારીને દુકાનમાંથી લેપટોપ, નકલી ચુંટણીકાર્ડ, ચાર મોબાઈલ , એક પ્રિન્ટર અને લેમિનેશન મશીન સાથે રોકડા રૂપિયા જપ્ત કર્યા હતા.

## ગોધરાના નદીસર ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં કૌભાંડ થયાના આક્ષેપ સાથે રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકાની નદીસર ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં મોટાપાયે કૌભાંડ થયાનો આક્ષેપ સાથે સ્થાનિક નાગરિક દ્વારા જવાબદાર કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધવા જિલ્લા પોલીસ અધિક્ષકને રજુઆત કરી હતી.

નદીસર ગામના સ્થાનિક જાગૃત નાગરિક રમેશભાઈ માછીએ રજુઆતમાં આક્ષેપ કરતા જણાવ્યુ છે કે, નદીસર ગામમાં મનરેગા યોજનામાં ગ્રામ પંચાયતના કર્મચારીઓ દ્વારા કૌભાંડ આચરવામાં આવ્યુ છે આ મામલે કસુરવારો સામે કાર્યવાહી કરવાની રજુઆત કરવા છતાં આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. જવાબદાર અધિકારી અને કર્મચારીઓ દ્વારા તમામ નિતી નિયમો તથા રજુઆતોનુ ઉલ્લંઘન કરીને મસ્ટરોના નાણાં ચુકવી દીધા છે. હાલમાં જે કામો માટે મસ્ટરોમાં લાખો રૂપિયા ચુકવી દીધા હોવાનો આક્ષેપ પણ રજુઆતમાં કરવામાં આવ્યો છે. હાલમાં આ તમામ સ્થળો પર કોઈપણ પ્રકારનુ કામ થયુ નહિ હોવાનો આક્ષેપ પણ રજુઆતમાં કરવામાં આવ્યો છે. સરકારના નાણાંનો દુરૂપયોગ થતો હોઈ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ સામે એફ.આઈ.આર.દાખલ કરવામાં આવે અને જરૂરી કાર્યવાહી કરવાની ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી છે.

## રાજ્યના ૨૦૨૦-૨૨ની બેચના ૮ પ્રોબેશનરી IAS અધિકારીઓએ મુખ્યમંત્રીની મુલાકાત લીધી

ગાંધીનગર,

ગુજરાત કેડરમાં ૮ અધિકારીઓ ફાળવાયેલા છે અને રાજ્યના વિવિધ જીલ્લામાં તેમની તાલીમ પૂર્ણ કરીને બીજા તબક્કાની તાલીમ માટે તેઓ આઈ.એ.એસ ટ્રેનિંગ સેન્ટર મસુરી ખાતે જવાના છે. આ પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ જિલ્લાની પોતાની તાલીમ દરમિયાનના અનુભવો મુખ્યમંત્રી સાથે શેર કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમને રાજ્યની વિકાસયાત્રામાં તેમનું યોગદાન મળતું રહે અને તાલીમ બાદ તેઓ જ્યારે ગુજરાત પરત આવે ત્યારે આ વિકાસ યાત્રામાં પોતાનું ઉત્કૃષ્ટ કાર્ય પ્રદાન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, સ્પીપાના મહાનિયામક આર.સી. મીના, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ આ મુલાકાત બેઠક દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૧ માં ખેલમહાકુંભ અંતર્ગત પૂર્વ ઝોન કક્ષા હોકી સ્પર્ધા દેવગઢ બારીયા ખાતેના રમત-ગમત સંકુલ ખાતે યોજાશે

દાહોદ,

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ૧૧ માં ખેલમહાકુંભ અંતર્ગત પૂર્વ ઝોન કક્ષા હોકી અંડર ૧૪ અને અંડર ૧૭ ભાઈઓ બહેનો માટેની સ્પર્ધા આગામી તા. ૧૫ મે થી તા. ૨૦ મે સુધી દેવગઢ બારીયાના સ્વ. જયદિપસિંહજી જિલ્લા રમત સંકુલના હોકી ટર્ફ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ મહિને ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી શકે છે

### આ દરમિયાન તેઓ દેવભૂમિ દ્વારકા, અમદાવાદ, કેધા અને ગોધરાની મુલાકાત લઈ શકશે



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હજુ ૬ મહિના બાકી છે, પરંતુ ભાજપ સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગયું છે. ગૃહમંત્રી અમિત શાહ આ મહિને ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી શકે છે. આ દરમિયાન તેઓ દેવભૂમિ દ્વારકા, અમદાવાદ, કેધા અને ગોધરાની મુલાકાત લઈ શકશે. આ ઉપરાંત તેઓ કેટલીક બેઠકોમાં પણ હાજરી આપશે, જેમાં તેઓ ચૂંટણી માટે ભાજપની તૈયારીઓનો હિસાબ લેશે. આટલું જ નહીં, તે આ સમયગાળા દરમિયાન અનેક કલ્યાણકારી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કરી શકે છે. પક્ષના સૂત્રોનું કહેવું છે કે ભાજપ એ બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરવાની તૈયારી કરી રહ્યું છે, જ્યાં તે અત્યાર સુધી જીતી શકી નથી.

આ બેઠકો પર દલિત અને આદિવાસી સમુદાયોનું વર્ચસ્વ છે, જેઓ ભાજપના પરંપરાગત મતદારો ગણાતા નથી. પરંતુ આ વખતે ભાજપ આ વિસ્તારોમાં પણ આક્રમક છે. તેનું કારણ એ છે કે પાર્ટીનું માનવું છે કે જો તેને શહેરી વિસ્તારોમાં કોઈ ઝટકો લાગે તો તેની ભરપાઈ અહીંથી કરવામાં આવશે. આ વ્યૂહરચના હેઠળ તેમણે કોંગ્રેસના ઘણા આદિવાસી નેતાઓને પાર્ટીમાં એન્ટ્રી આપી છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ બેઠકો ધરાવતા ગુજરાતમાં ભાજપ ૯૯ બેઠકો પર સ્થિર રહી હતી. ત્યારે કોંગ્રેસ વિશે એવું માનવામાં આવતું હતું કે તેણે ભાજપને ટક્કર આપી છે.

હવે ભાજપનું કહેવું છે કે તે આ વખતે બે આંકડામાં રહેવા માંગતી નથી. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનું કહેવું છે કે અમારો પ્રયાસ છે કે તમામ ૧૮૨ બેઠકો જીતવાની તૈયારી કરવામાં આવે. આ માટે ભાજપે બુથ સ્તરે જ તૈયારીઓ શરૂ કરી દીધી છે અને કાર્યકરોને એકત્ર કરવામાં આવી રહ્યા છે. પાર્ટીના આંતરિક સૂત્રોનું કહેવું છે કે બીજેપી એ સીટો પર ફોકસ કરી રહી છે જ્યાં તે ક્યારેય જીતી શકી નથી. પાર્ટીના એક વરિષ્ઠ નેતાએ કહ્યું, “આવી લગભગ ૩૦ બેઠકો છે, જેણે અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું નથી. આ વખતે આ બેઠકો પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં કુલ ૮૧ સહકારી સમિતિઓ છે, જેમાં લાંબા સમયથી કોંગ્રેસનું વર્ચસ્વ છે. હવે અમિત શાહ પાસે આ મંત્રાલય છે અને માનવામાં આવે છે કે તેઓ આમાં ભાજપનો પ્રભાવ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. હાલમાં મોટાભાગની સહકારી સંસ્થાઓ પર ભાજપનો કબજો છે. ગત મહિને પણ અમિત શાહ ગુજરાત આવ્યા હતા ત્યારે તેમણે પંચમહાલ અને બનાસકાંઠાની મુલાકાત લીધી હતી. આ સાથે ભાજપે ‘એક દિવસ, એક જિલ્લો’ યોજનાની પણ જાહેરાત કરી છે. આ દ્વારા વડીલો એક જિલ્લામાં એક દિવસ વિતાવશે. આ અંતર્ગત સીએમ ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે ઘણા જિલ્લાઓની મુલાકાત લીધી છે.

## કોંગ્રેસ એક પરિવાર એક ટિકિટની ફોર્મ્યુલા અમલમાં મૂકશે, શરૂઆત ગાંધી પરિવારથી થઈ શકે છે



નવીદિલ્હી,

ઉદયપુરમાં ચિંતન શિબિર પહેલા કોંગ્રેસે મોટા ફેરફારોની તૈયારી કરી લીધી છે. સોમવારે મળેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં પરિવારમાં માત્ર એક વ્યક્તિને ટિકિટ આપવી, મુખ્ય પદ સંભાળ્યા બાદ ત્રણ વર્ષનો કુલિંગ-ઓફ પિરિયડ અને મોટી સંખ્યામાં પેનલોની સંખ્યા ઘટાડવા જેવી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે હાઈકમાન્ડને સૂચન કરવામાં આવ્યું હતું કે પ્રદેશ પ્રમુખ, જિલ્લા પ્રમુખ કે રાષ્ટ્રીય કારોબારી સહિતના નેતાઓને એક ટર્મ પૂર્ણ થયા બાદ ત્રણ વર્ષ સુધી હોદ્દાથી દૂર રાખવા જોઈએ. તેના પર સહમતિ બની છે. આ ઉપરાંત એક પરિવારમાંથી માત્ર એક વ્યક્તિને ટિકિટ આપવા પર પણ સહમતિ બની છે. પાર્ટીનું માનવું છે કે આ સાથે તે ભાજપ દ્વારા લગાવવામાં આવી રહેલા પરિવારવાદના આરોપોનો જવાબ આપી શકશે.

ઉદયપુરમાં ૧૩ થી ૧૫ મે દરમિયાન કોંગ્રેસનું ચિંતન શિવર યોજવાનું છે. આ તમામ દરખાસ્તો તેમાં રજૂ કરવામાં આવશે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી પહેલા, પાર્ટી તમામ સ્ક્રૂને કડક કરવા માંગે છે જ્યાં કોઈ ઢીલાશ દેખાઈ રહી છે. આ અંતર્ગત તેમણે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી છે. આ ઉપરાંત તે યુપી અને બિહાર જેવા રાજ્યો માટે પણ આયોજનમાં વ્યસ્ત છે. એટલું જ નહીં, પાર્ટીની નજર રાજસ્થાન અને છત્તીસગઢ પર પણ છે, જ્યાં આ વર્ષના અંત સુધીમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ ચિંતન શિબિરમાં પાર્ટીના ૪૦૦ નેતાઓ ભાગ લેશે.

કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બાદ એક નેતાએ કહ્યું, “સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા એક પરિવાર, એક ટિકિટના પ્રસ્તાવ પર જાહેરાત કરશે.” એવી પણ જાહેરાત થઈ શકે છે કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં પરિવારમાંથી માત્ર એક જ વ્યક્તિ ચૂંટણી લડશે. આ સિવાય કોંગ્રેસમાં પરિવર્તનની માંગણી કરી રહેલા નેતાઓ સંસદીય બોર્ડની પુનઃરચના અંગે વાત કરી રહ્યા છે. રાજકીય બાબતોની સમિતિએ સૂચન કર્યું છે કે પાર્ટીએ દેશવ્યાપી જોડાણ બનાવવું જોઈએ. ખાસ કરીને લોકસભાની ચૂંટણી માટે સમાન વિચારધારા ધરાવતા પક્ષોને સાથે લેવા જોઈએ. ભૂપિન્દર સિંહ હુડ્ડાના નેતૃત્વમાં ખેડૂતો પર બનેલી સમિતિએ પણ પોતાની ભલામણો આપી છે. આમાં સૌથી મહત્વની ભલામણ એ છે કે પાર્ટીએ જાહેરાત કરવી જોઈએ કે જ્યારે તે કેન્દ્રમાં સત્તામાં આવશે, ત્યારે ખેડૂતોના સ્જીઁની ગેરંટી આપતો કાયદો બનાવવામાં આવશે. આ ઉપરાંત એવું પણ સૂચન કરવામાં આવ્યું છે કે જે લોકો ખુલ્લા બજારમાં MSP કરતા ઓછા ભાવે ઉત્પાદન ખરીદે છે તેમને સજા કરવામાં આવશે અને આમ કરવું ગુનો ગણાશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.219

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલ ગધેડી ફળીયામાં

# રાત્રીના સમયે નિકળેલ વરઘોડામાં બોલાચાલી બાદ પથ્થર મારાની ઘટનામાં પાંચ વ્યકિતને ઈજાઓ





- કાલોલમાં અસામાજીક તત્વોનો શાંતિ ડહોળવાનો હિન પ્રયાસ.
- પથ્થર મારાની ઘટના બાદ જીલ્લા પોલીસવડા સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા.

કાલોલ, કાલોલના ગધેડી ફળીયા માંથી રાત્રીના સમયે લગ્નનો વરઘોડો ડી.જે. સાથે પરત ફરી રહ્યો હતો. ત્યારે રબ્બાની મસ્જીદ નજીક કેટલાક ઈસમો વચ્ચે બોલાચાલી થઈ હતી. સામાન્ય બોલાચાલીમાં મામલો બિચકતા પથ્થર મારો થતાં વરઘોડામાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. પથ્થર મારાની ઘટનાને લઈ જીલ્લા પોલીસવડા સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે બન્ને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવા પામી છે.

કાલોલ નગરમાં અસામાજીક તત્વો દ્વારા ફરી એકવાર શાંતિ ડહોળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. કાલોલના ગધેડી ફળીયા માંથી નિકળેલ લગ્નનો વરઘોડો ડી.જે. સાથે પરત ફરી રહ્યો હતો. ત્યારે રાત્રીના સમયે રબ્બાની મસ્જીદ નજીક કેટલાક ઈસમો વચ્ચે કોઈક બાબતે બોલચાલી થઈ હતી. સામાન્ય બોલાચાલીમાં મામલો બિચકતા અચાનક પથ્થરમારો થતા લગ્નના વરઘોડામાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. કેટલાક તોફાની તત્વોએ રાત્રીના અંધારાનો લાભ ઉઠાવી ભાથીજી મંદિર ફળીયા આસપાસ રાખેલા વાહનો અને લારી ગલ્લાઓની ભારે તોડફોડ કરીને આતંક મચાવ્યો હતો અને મોટાપાયે ખાનગી અને જાહેર મિલ્કતોને નુકશાન કર્યું હતું. ગધેડી ફળીયામાં રહેતા લારી ગલ્લા અને છકડા પર ગુજરાત ચલાવતા વિધવાના રોજગારીના સાધનોને તોડફોડ કરી નુકશાન કર્યું હતું.

કાલોલ ગધેડી ફળીયામાં લગ્નના વરઘોડામાં પથ્થરમારાની ઘટનાને લઈ જીલ્લા પોલીસવડા, નાયબ પોલીસવડા સહિતના પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે તાત્કાલીક ટોળું વિખેરવામાં આવ્યું હતું. વરઘોડામાં પથ્થર મારાને લઈને વરાજના પિતા સહિત ચાર વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. આ ઘટના અંગે કાલોલ પોલીસ મથકે બન્ને પક્ષે સામસામે ફરિયાદ નોંધી રાયોટીંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો. લઘુમતિ ટોળામાં ૧૫ વ્યકિત સામે નામજોગ અને ૧૦૦ થી વધુ ટોળા સામે તેમજ સામાપક્ષે ૧૪ વ્યકિતઓ સામે નામજોગ ફરિયાદ નોંધાવામાં આવી છે. પોલીસ દ્વારા ૭ તોફાની તત્વોને ઝડપી પાડી બાકીના આરોપીઓને સીસીટીવી ફુટેજના આધારે શોધી કાઢવા માટે પોલીસની અલગ-અલગ ટીમો બનાવાની કાર્યવાહી કરાઈ છે.

# ગોધરા ભામૈયાની સર્વે નં.૪૫/૨ વાળી જમીનમાં થયેલ નોંધોમાં કેટલીક નામંજુર થયેલ હોય તેની યોગ્ય તપાસ થાય તે જરૂરી

ગોધરા, ગોધરા તાલુકાના ભામૈયાના રે.સ.૪૫/૧ વાળી સાથે જમીનો એકત્રીકરણ કરાવેલ છે અને આ જમીન હાલ રોડમાં જવાથી તેઓ તરફથી સરકાર સામે વળતર માંગવાની કોર્ટ દ્વારા દાવો દાખલ કરે તેવી ચર્ચાઓ સામે આવી રહી છે.

ગોધરા તાલુકા ભામૈયાની જમીન ૭૦૭ નોંધ ૩૩૫૦/ ટી.એન.સી. તા.૧૬/૧૧/૧૯૫૦ થી ખૂબ જ મોટા પ્રમાણ થી બિનખેડુતો રદ કરી જાહેર કરેલા છે. તેમ છતાં કોરોડીયન મિલ્કતમાં વારસાઈ વિગેરે નોંધો પાડી વેચી પાડેલ છે અને ખેડુતો ના હોવા છતાં એમ.એમ.ભાભોર શહેર મામલતદાર દ્વારા સરકારી સેવક હોવા છતાં સરકારશ્રીને નુકશાન કરેલ છે અને બિનખેડુતોને જે ફારૂક મોહમદ ભાણાના પિતા મોહમદ ઈબ્રાહીમ ભાણાને મુંબઈ જમીન ખેતી અધિનિયમ ૧૯૪૮(૭૦)ની જોગવાઈઓ તથા રેકર્ડ ઓફ રાઈટની નોંધો ચકાસણી નહી કરી તથા નાયબ મામલતદાર અરવિંદ રાજપુત દ્વારા એવકયુ પ્રોપર્ટીમાં ગેરરીતિઓ વહીવટીનારે સરકાર હિતધરાવતી મિલ્કતો બિનખેડુતોની ચકાસણી કર્યા વગર અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના આદેશોનો ભંગ કરી ખૂબ મોટા પ્રમાણની નોંધ નં.૭૦૭ હુકમની હોય કોઈપણ રેકર્ડની ચકાસણી કર્યા વગર સરકાર સાથે વિશ્વાસઘાત કરેલ છે. જે તપાસ યોગ્ય થાય તેવી રજુઆત કરવામાં આવેલ અને ૪૫/૧ રે.સ.નં. રીવ્યુ લેવામાં અને એવકયુપ્રોપર્ટીની હોય રદ કરવા અરજ કરેલ.

મોજે રે.સ.નં.૪૫/૧ વાળી નોંધ નં.૭૦૭ ખૂબ મોટી બિનખેડુતો નોંધ છે અને આ નોંધમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ગોધરા કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વતો લઈ નોંધ નં.૭૦૭ની મોટા પ્રમાણમાં એકબીજાને કોઈપણ મૂળ રેકર્ડ તથા હુકમોને ધ્યાને લઈ મોટા પ્રમાણમાં ફેરફાર કરેલ છે. જેથી આ નોંધની ચકાસણી એવકયુ પ્રોપર્ટી હોય તો સરકારશ્રી જમીનો બાબતે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત સરકારના આદેશો અનુસાર લેન્ડ ગેબિંગ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તેઓ સામે નોંધ નં.૭૦૭ રીવ્યુમાં લઈ શ્રીસરકાર હેઠળ દાખલ કરશે કે નહી કરે તે જીલ્લા કલેકટર પંચમહાલ કરશે કે કેમ તે જોવાનું રહ્યું.

આ રે.સં.નં.૪૫/૧ સરકારી મિલ્કત ફારૂક મોહમદ ભાણાના પિતા મોહમદ ઈબ્રાહીમ ભાણા યુસુફ ઈબ્રાહિમ ભાણા એ જે તે સમયના એ.આઈ.મદારીના મેળાપીપણામાં ખોટા વારસાઈ કરી કરાવી એવકયુ પ્રોપર્ટીમાં ફરજ દરમિયાન જે તે સમયના નાયબ મામલતદાર આઈ.કે.કાકા પાસેનો છે. મંજુર કરી કરાવેલ છે. સરકારશ્રી સેવકો હોવા છતાં સરકારશ્રીનું હિત સાચવેલ નથી. જે સરકારશ્રીની હિત કોઈપણ ધ્યાને આવે તો તાત્કાલીક સરકારશ્રી આદેશો અનુસાર કરવાની થાય છે. જે કાર્યવાહી રીવ્યુ જીલ્લા કલેકટર પંચમહાલના ડીપાર્ટમેન્ટ તરફથી કરી કરાવવામાં આવેલ નથી અને ખોટા રીપોર્ટો કરી કરાવી મોટા પ્રમાણમાં ખૂબ જ વિલંબ કરી કરાવે છે.

મોજે ભામૈયાની ૪૫/૧ વાળી તથા અન્ય જમીનો સાથે એકત્રિકરણ કરવામાં આવેલ છે. જે શરત ભંગ અંગેનસ કાર્યવાહી થાય તેવી સરકારશ્રીની જોગવાઈ છે અને શ્રીસરકારને ૨૦ થી ૩૦ કરોડનો ફાયદો થાય તેમ છે. વેચાણ આપનાર અને વેચાણ લેનાર તમામ રેવન્યુના કાયદા તથા તમામ નિયમો જાણકાર હોવા છતાં એવકયુ પ્રોપર્ટી હોવા છતાં ગેરરીતિઓ રેકડી આચરેલ છે અને હાલ રે.સં.નં.૪૫/૧ વાળી સંપાદન રોડમાં ગયેલી હોય તેવો વળતર માટે અરજી કરશે તો શ્રીસરકારને નુકશાન થાય તેમ છે. જેથી જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા ભારપૂર્વક ગુજરાત સરકાર મહેસુલ તપાસણી કમિશ્નર તથા મહેસુલ વિભાગ મંત્રી તથા જીલ્લા સરકારી વકીલને આ બાબતે અભિપ્રાય મોકલશે કે કેમ તે જોવાનું રહ્યું.

# પંચમહાલ જિલ્લાના ભાણપુરા ગામના વિનોદભાઈ બારીયાની પ્રેરણાદાયક શક્કરટેટીની આધુનિક બાગાયત ખેતી

ગોધરા, પંચમહાલ જિલ્લાનાં જાબુઘોડા તાલુકાના ભાણપુરા ગામનાં પ્રગતિશીલ ખેડૂત વિનોદભાઈ ભીમસીંગભાઈ બારીયા તેઓ ખેત વ્યવસાય સાથે પોતાના પરિવારનું ગુજરાન કરી રહ્યા છે, જેઓ ગ્રામ્ય વિસ્તારમાં પોતાની ૬ એકર જમીનમાં શાકભાજી અને ફળોની ખેતી કરી આર્થિક સધ્ધરતા મેળવી છે.



વિનોદભાઈ બારીયા પ્રતિભાવ આપતાં જણાવે છે કે, છેલ્લા પાંચ વર્ષથી બાગાયતી ખેતી સાથે સંકળાઈ બાગાયત વિભાગનું માર્ગદર્શન મેળવી મે પોતાની ડાંગર, મકાઈની પરંપરાગત ખેતીની સાથો સાથ શાકભાજી અને ફળોની આધુનિક બાગાયત ખેતી તરફ વળ્યો છું. આ અગાઉ પરંપરાગત ખેત પદ્ધતિ અપનાવીને ઓછું ઉત્પાદન મેળવતો હતો, પરંતુ બાગાયત ખાતાના સંપર્કમાં આવતા તાલીમ, પ્રેરણા પ્રવાસ અને કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી નીત નવી ટેક્નોલોજીથી માહિતગાર થવાને લીધે પ્રથમ શરૂઆત કરતા મે ડ્રિપ ઈરીગેશન પદ્ધતી સાથે મરચી, ટામેટી તથા શાકભાજીની ખેતી કરતો હતો. ત્યાર પછી પ્લાસ્ટીક મલ્ચીંગ સાથે મે તરબુચ ની ખેતી કરી હતી. ખેતી માટે મલ્ચીંગ, હાઈબ્રીડ બીચારણ અને અર્ધ કાચો મંડપ બનાવવાની અને વિવિધ યોજનાઓની પ્રોત્સાહક સહાય બાગાયત ખાતા દ્વારા મેળવી હતી.

ત્યારબાદ નોન્યુ સીડ્સ કંપની મારફત મલ્ચીંગ સાથે શક્કરટેટીની ખેતી વિષયક માર્ગદર્શન મેળવી ઓપન ફિલ્ડમાં નફાકારક ખેતી કરેલ છે. ચાલુ વર્ષમાં ૧૦ ગુંઠા ના વિસ્તારમાં ક્રોપ કવર ના સ્ટ્રકચર સાથે રક્ષીત વાતાવરણમાં થતી નોન્યુ સીડ્સ કંપનીની ચાર જાતો જેવી કે આલીયા, મધુમતી, મીનાક્ષી, રોમીયા ના કુલ અંદાજીત ૨૨૫૦ છોડ નુ ટ્રેલીઝ પધ્ધતી થી ખેતી કરેલ છે. જેમા આ બધી જાતોના બિયારણ ની કિમંત અંદાજીત રૂા. ૭ માં એક બિયારણનો દાણો પડેલ છે અને તેનુ ઉત્પાદન ૧ છોડ દીઠ ૧ ફળ લેવાનુ હોય છે જેનુ અંદાજીત વજન ૧.૫ થી ૨ કી.ગ્રા નુ હોય છે. જેનુ માર્કેટ બહારના રાજયોમાં ખેડુતો ખેતી કરી અંદાજીત આ જાતોના ફળ ની કિમત રુપિયા ૩૦૦ એક કિ.ગ્રામે મેળવે છે. હાલ ગુજરાતમા શરૂઆત કરતા અંદાજીત કિંમત રૂ. ૧૫૦-૨૦૦ એક કિ.ગ્રામે મળવાની શકયતાઓ જણાઈ રહેલ છે. આમ ૧૦ ગુંઠાના વિસ્તારમા કુલ બે લાખ ના ખર્ચ સામે અંદાજીત કુલ પાંચ લાખ ની આવક થવાનો અંદાજ છે.આમ કુલ ત્રણ (૩) લાખ નો ચોખ્ખો નફો ૧૦ ગુંઠા માં મને મળશે. મે પંચમહાલ જિલ્લામાં અને ગુજરાતમાં પણ આ આલીયા, મધુમતી, મીનાક્ષી, રોમીયા શક્કરટેટી બાગાયતી પાકની પ્રથમ ખેતી કરેલ છે.

સાથો સાથ તેઓ જણાવે છે કે બાગાયત ખેતીમાં જી.જી.આર.સી દ્વારા ટપક-સિચાંઈ, સંકલીત પોષણ વ્યવસ્થાપન, સંકલીત જીવાત નિયંત્રણ, ગ્રેડીંગ પધ્ધતિ વગેરે જેવી જાણકારી મેળવીને તેને ખેત પધ્ધતિમાં અમલમાં મુકવાને લીધે જૈવિક કલ્ચર, બાયો-કંપોષ્ટ, માઈક્રો ન્યુટ્રીયન્ટ ખાતરનો ઉપયોગ કરી રાસાયણીક ખાતરના વપરાશમાં ઘટાડો થવાને લીધે ખેતી ખર્ચ અને ખાતર ખર્ચ પણ ઘટી જવાથી હું હવે એકંદરે સારી આવક મેળવી રહ્યાં છે. મારા આ સાહસ માટે ક્રોપ કવર માટે બાગાયત વિભાગ દ્વારા પ્રોત્સાહન માટે મદદરૂપ થવા પુરતી ખાત્રી આપેલ છે.

નાયબ બાગાયત નિયામક ગોધરાએ જણાવ્યું કે તેમની કચેરી દ્વારા વિનોદભાઈને અને જિલ્લાના અન્ય ખેડૂતોને પણ હાઈબ્રીડ બીચારણ શાકભાજી, પ્લાસ્ટીક મલ્ચીંગ અને મંડપ પદ્દતી કરવા માટે પણ સહાય આપવામાં આવી છે. જેના કારણે જિલ્લાના ખેડૂતો બાગાયત ખેતી તરફ વળે અને બાગાયત ખેતી કરી આર્થિક સધ્ધરતા મેળવે.

પંચમહાલ જીલ્લાના જાબુઘોડા તાલુકા તથા અન્ય તાલુકાના ગામોના ખેડૂતોએ મારા અનુભવનો લાભ લીધો છે તેમજ મલ્ચીંગ દ્વારા ખેતી કરી છે. ખેડૂતો સમયાંતરે મારા ફાર્મની મુલાકાત લઈ ખેત પદ્ધતિ અપનાવેલ છે.આ ખેતી ઓછા પાણી વાળા વિસ્તાર માટે આશીર્વાદ સમાન છે. તેમજ આડોશ-પાડોશના ખેડૂતોને પણ બાગાયતી પાક ઉત્પાદન માટેની પ્રેરણા મેળવીને તેઓ પણ હવે બાગાયતી પાકો તરફ વળ્યા છે.

# મોરવા(હ) પોલીસ મથકના ધાડના ગુન્હાના ૨૦ વર્ષથી વોન્ટેડ આરોપીને LCB પોલીસે ઝડપ્યો

ગોધરા, ગોધરા એલ.સી.બી. પોલીસે ધાડનાં ગુન્હામાં છેલ્લા વીસ વર્ષથી નાસતા ફરતા મોરવાહડફ પોલીસ મથકના આરોપી ને ઝડપી પાડયો હતો.

ગોધરા એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર જે.એન.પરમારને ખાનગી બાતમી મળી હતી કે, મોરવા હડફ પોલીસ મથકના ધાડના ગુન્હામાં સંડોવાયેલો અને છેલ્લા વીસ વર્ષથી પોલીસ થી નાસતો ફરતો વોન્ટેડ આરોપી મધ્યપ્રદેશનો ગલિયા કાળિયા ચારેલ કે જે હાલમાં સંતરોડ બ્રિજ પાસે ઊભો છે. જે બાતમી આધારે પોલીસે બાતમી વાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઉપરોક્ત આરોપી મળી આવ્યો હતો. જેને પોલીસે ઝડપી પાડી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરા પોલીસ હેડ કવાર્ટર ખાતે સામાન્ય પ્રજા માટે નજીવા દરે ઘોડે સવારી શીખી શકશે



ગોધરા, ગોધરા શહેરના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે જિલ્લા પોલીસ વિભાગના માઉન્ટેડ શાખા દ્વારા હોર્સ રાઈડિંગ સ્કૂલ આજ રોજ ખુલ્લી મૂકવામાં આવી હતી. જેમાં જિલ્લાની સામાન્ય પ્રજા પણ નજીવા દરે ઘોડેસવારી શીખી શકશે.

પંચમહાલ જિલ્લા પોલીસ વિભાગના માઉન્ટેડ શાખા દ્વારા ગોધરા શહેરના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોર્સ રાઈડિંગ સ્કૂલ ખુલ્લી મૂકવામાં આવી હતી. જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર નાયબ પોલીસ અધિક્ષક દ્વારા રીબીન કાપીને હોર્સ રાઈડિંગ સ્કૂલ ખુલ્લી મૂકવામાં આવી હતી. જિલ્લાની સામાન્ય પ્રજા પણ નજીવા દરે ઘોડેસવારી શીખી શકે તેવા પંચમહાલ પોલીસના અભિગમને લઈને માઉન્ટેડ શાખા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. ગોધરા શહેરના શહેરીજનો દ્વારા પણ પોલીસની માઉન્ટેડ સ્કૂલમાં ઘોડેસવારી શીખવા માટે ઉત્સાહ દર્શાવવામાં આવ્યો હતો. પંચમહાલ પોલીસ માઉન્ટેડ શાખા પાસે હાલ પાંચ જેટલા મજબૂત નસલના ઘોડા ઉપલબ્ધ છે. જેના દ્વારા ઉમેદવારોને ઘોડેસવારીની તાલીમ આપવામાં આવશે. માઉન્ટેડ શાખામાં ઘોડેસવારી શીખવા માંગતા વિદ્યાર્થીઓ માટે ખાસ દર તેમજ અન્ય વ્યક્તિઓ માટે અલગ દર રાખવામાં આવ્યો છે.

# ઘોઘંબામાં રસ્તાની કામગીરી કોન્ટ્રાકટર દ્વારા અધુરી છોડતા ગ્રામજનોમાં રોષ

ઘોઘંબા, ઘોઘંબામાં રોડનુ કામ અધુરુ મુકીને કોન્ટ્રાકટર જતો રહેતા ગ્રામજનોમાં ભારે રોષની લાગણી જોવા મળે છે. રોડના કામો અધુરા રહેતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. છેલ્લા કેટલાંક સમયથી ઘોઘંબાનો મેઈન રોડ તુટીને ભંગાર થઈ ગયો હતો જેથી વારંવાર રજુઆત કરવા નવીન રોડ બનાવવાની મંજુર આવતા કોન્ટ્રાકટર દ્વારા ઘોઘંબા હાઈસ્કુલ રોડની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ રોડ ઘોઘંબા હાઈસ્કુલ લીમડા ચોક બનાવીને કોન્ટ્રાકટર ચુંટણી આવી છે માટે હવે ચુંટણી પછી કામ શરૂ કરીશુ તેવુ કહીને કામ બંધ કરી દીધુ હતુ. ચુંટણીઓ પતી ગઈ છે છતાંય હજુ સુધી રોડની કામગીરી શરૂ કરવામાં આવી નથી. જેથી ધુળના રજકણો તેમજ ડમરીઓ ઉડે છે તે શરીરને નુકસાન કરે છે. જેથી ઘોઘંબા તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, જિલ્લા પંચાયતના સભ્ય ભુપેન્દ્રસિંહ અને ઘોઘંબા ગ્રામ પંચાયતના સરપંચ વગેરેને રજુઆત કરવા છતાં પરિણામ શુન્ય છે આ અંગે તેઓએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હોવાનુ જણાવે છે.

# કાલોલના બાકરોલ અને પલાસા પાસેથી પસાર થતાં મુંબઈ-દિલ્હી કોરીડોર હાઈવે પરનું ગળનાળું મોટું કરવાની માંગ

કાલોલ, પંચમહાલમાં ચાલી રહેલ દિલ્હી બોમ્બે કોરિડોરની કામગીરી ખેડૂતોએ વિરોધ સાથે બંધ કરાવી. કાલોલ તાલુકાના બાકરોલ, રતનપુરા અને પલાસાની સીમમાંથી પસાર થતાં દિલ્હી-બોમ્બે એકસપ્રેસ હાઈવે પરનું ગરનાળુ મોટું કરવાની માંગ જો માંગણી નહીં સ્વીકારાય તો ધરણાની ચીમકી !



કાલોલ તાલુકાના બાકરોલ, પલાસા અને રતનપુરા ગામની સીમમાંથી પસાર થતા દિલ્હી બોમ્બે નેશનલ કોરીડોરના હાઈવે સ્થિત ચેનેજ નં. ૩૫૬-૬૧૦ મુજબ ગામલોકોને સીમમાં અવરજવર કરવા માટે ગરનાળુ મુકવાની પ્રકિયા હાથ ધરવામાં આવી રહી છે. તે ગરનાળુ ૧૦સ૧૦ની સાઈઝનું નાનું બનાવવામાં આવી રહ્યું હોવાથી આટલી નાની સાઈઝના ગરનાળામાંથી ઘાસચારો ભરેલું ટ્રેકટર પસાર કરવું મુશ્કેલ બની જવાની સંભાવના વર્તાઈ રહી છે. જેને પગલે સોમવારે સવારે બાકરોલ, પલાસા અને રતનપુરા એમ ત્રણેય ગામોના અસરગ્રસ્ત એવા સ્થાનિક ખેડૂતોએ તેમના પરીવાર સહિત નેશનલ કોરીડોરના સ્થળે એકત્રિત બની નારાજગી વ્યક્ત કરી હતી અને કાલોલ મામલતદાર કચેરી ખાતે પહોંચી ભારે વિરોધ કરી સુત્રોચાર કર્યો હતો. તદ્દઉપરાંત જિલ્લા કલેક્ટર સંલગ્ન કાલોલ મામલતદારને આવેદનપત્ર આપી ખેડૂતો પોતાનું ઘાસચારો ભરેલું ટ્રેકટર પણ સહેલાઈથી પસાર કરી શકે તેવું ૧૫ x ૧૫નું મોટી સાઈઝનું ગરનાળુ બનાવવામાં આવે તેવી લોકમાંગ કરી હતી. અત્રે આવેદન આપતા ખેડૂતોએ જણાવ્યું હતું કે, નેશનલ હાઈવે કોરીડોરમાં અમારી ખેતીની જમીન સંપાદન કરવામાં આવી છે. તેથી અસરગ્રસ્ત ખેડૂતોના હિત માટે પહોળું નાળુ બનાવવા માટેની રજુઆત કરી હતી. અત્રે ખેડૂતોએ વધુમાં જણાવ્યું હતું કે, હાલ આ કામ ચાલુ છે. જેથી સત્વરે અમારી માંગ અમલ કરવામાં આવે અને જો અમારી માંગણી સ્વીકારવામાં નહિ આવે તો આગળના સમયમાં આ તમામ ગ્રામજનો મળી ઉગ્ર આંદોલન કરીશું તેવી ચેતવણી વ્યક્ત કરી હતી.